	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૨/૦૩/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૪૦૨/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૨	૦	૮૫૦૪૨
કુલ		૧૦૦૬૮૨	૦	૧૦૦૬૮૨	૧૦૯૫૭૯	૦	૧૦૯૫૭૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩	૩,૩૬,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૧	૮૧,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ-

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારી તથા છેડતીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે કૃણાલ ઉર્ફે રામીવાળો વિઠ્ઠલભાઈ જાતે પટણી(વાંકલાવાળા) ઉ.વ.૨૬ રહે.બ્લોક નં.૯૫/૭૩૨ ગુ.હા.બોર્ડ, કલાપીનગર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૧૮૪૫/૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૧૯૩/૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૦૦૭/૨૨ ઈ.પી.કો. કલમ ૩૫૪(એ), ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૧૮/૨૦૨૨ તા.૦૧/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "જીલ્લા જેલ-ભરૂચ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૧/૦૩/૨૦૨૨ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ-ભરૂચ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૧/૦૩/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ. હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૦૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૦૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૪૦૫/૨૦૨૨**

નરોડાઃ ચેતનકુમાર કાંતીલાલ પટેલ (રહે. મેધા હાઇટસ રોયલ આર્કેડ સામે મારૂતિ સાઇન સોસાયટીની બાજુમાં નાના ચિલોડા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૦૧/૦૩/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, એલ.ઇ.ડી ટી.વી. અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- તેમજ સોસાયટીના પાર્કીંગમાં પાર્ક કરેલ સોસાયટીના સભ્યોના અલગ-અલગ ચાર મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૧,૩૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

સાતમા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૦૬/૨૦૨૨**

ચાંદખેડાઃ ચાંદખેડા એચ.પી.પેટ્રોલપંપ પાસે ઝુંડાલ ઈ.ડબલ્યુ.એસ નામની નવી બનતી સાઈટ લેબર કોલોની ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા ઉમેશભાઈ મોહનલાલ કુમાર (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ-દિગ તા-બીદગી જી-ફતેપુર ઉતરપ્રદેશ) તા.૦૧/૦૩/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે સાતમા માળે સેન્ટીંગનું કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા સાતમા માળથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને વૈષ્ણોદેવી સર્કલ કે.ડી.હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૦૭/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ હેતલબહેન ડો/ઓ કનુભાઈ નૈયા (ઉ.વ.૨૫) (રહે. મલાય તળાવના છાપરાં શૌચાલયની ગલીમાં ઓરોબેલા કોપ્લેક્ષ સામે થલતેજ ગામ થલતેજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડના પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

ચાંદખેડાઃ જીનાલીબહેન ડો/ઓ આશીતભાઇ પરીખ (ઉ.વ.૩૨) (રહે. સારથી એપાર્ટમેન્ટ વિસત સર્કલ પાસે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની બારી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રહેવર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.